# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

**************************************************

1) કોલકાતાના દુર્ગા પૂજા પંડાલની દુર્ઘટનામા જીવ ગુમાવનાર 19 મૃતકોના વારસદારોને કેન્દ્ર સરકાર અને રાજ્યસરકાર દ્વારા સહાયની જાહેરાત.

2) દિલ્હીના જંતર-મંતરમાં થયેલી હિંસાની ઘટનાઓની ફરિયાદો અને રજૂઆતો માટે સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી તપાસસમિતિએ એક પોર્ટલ લોંચ કર્યું.

3) પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસે 24 ઓક્ટોબર સુધી જેદ્દાહ, રિયાધ અને દમ્મામ જતી તમામ ફ્લાઇટ્સ રદ કરી.

4) ઈરાન સાથેનો સંઘર્ષ ટૂંક સમયમાં જ સમાપ્ત થશે તેવો ટ્રમ્પનો દાવો.

5) જાપાનમાં આજે 'એશિયન પેરા ગેમ્સ 2026'નો પ્રારંભ થશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)
હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# MORN KOLKATA-STAMPEDE

પશ્ચિમ બંગાળમાં, ગઈકાલે સાંજે ઉત્તર કોલકાતાના ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગમાં 19 લોકોના મોત અને 25 લોકો ઘાયલ થયા છે. આ ઘટના મહા સપ્તમીની ઉજવણી દરમિયાન બની હતી. ભારે વરસાદ અને મુલાકાતીઓના અચાનક ધસારાને કારણે ભીડભાડવાળા પંડાલમાં અંધાધૂંધી સર્જાઈ હતી, જેના પરિણામે નાસભાગ જેવી સ્થિતિ ઊભી થઈ હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી, રાજ્યના આરોગ્ય મંત્રી અને વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે હોસ્પિટલોની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ સહાયની જાહેરાત કરી છે.

## BYTE: SUVENDU-ADHIKARI

**(हर डेथ फैमिली को पश्चिम बंगाल सरकार की ओर से 25 लाख रूपीस कॉम्पेंसेशन एक नौकरी दिया जाएगा और हर इंजर्ड पर्सन उसका पूरा मेडिकल का एक्सपेंसेशन है 100% सरकार बियर करेगा उनका साथ-साथ उनको 5 लाख रुपया कॉम्पेंसेशन मनी दिया जाएगा। कोलकाता हाई कोर्ट का एक फैक्ट फाइंडिंग कमेटी होगा जिसके अंदर फॉरेंसिक रहेगा एसटीएफ रहेगा।)**

દરમિયાન, હાલ કોલકાતામાં રહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને મુખ્યમંત્રી તથા રાજ્યના અન્ય વરિષ્ઠ અધિકારીઓના સતત સંપર્કમાં છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહમંત્રીના કાર્યક્રમો સહિતના તમામ સત્તાવાર કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે તેઓ આજે હોસ્પિટલમાં જઈને ઘાયલોની મુલાકાત લેશે.

# REV PREZ-VP-PM-STAMPEDE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓએ કોલકાતામાં થયેલી નાસભાગમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા પર સંદેશમાં, પ્રધાનમંત્રી મોદીએ નાસભાગમાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારજનોને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ' માંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. ઘાયલ થયેલા દરેક વ્યક્તિને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

# HOME MINISTRY- HPEC PORTAL

આ વર્ષે જુલાઈ મહિના દરમિયાન દિલ્હીના જંતર-મંતર અને દિલ્હીની બહારના સ્થળોએ થયેલી હિંસાની ઘટનાઓના તમામ પાસાઓની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિએ ફરિયાદો અને રજૂઆતો નોંધાવવા માટે એક પોર્ટલ શરૂ કર્યું છે. અસરગ્રસ્ત લોકો, જેમાં અસરગ્રસ્ત પોલીસ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે, તેમના માટે hpec.nic.in પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

# AIR INDIA CANCEL

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને, જેદ્દાહ, રિયાધ અને દમ્મામ જતી એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ્સ આ મહિનાની 24 ઓક્ટોબર સુધી અસ્થાયી રૂપે રદ કરવામાં આવી છે.

એક અહેવાલ.........

## BYTE – VISHESH SHUKLA

(एयर इंडिया और एयर इंडिया एक्सप्रेस ने प्रभावित यात्रियों को राहत देते हुए वापस बुकिंग और रिफंड की सुविधा देने की घोषणा की है। एयरलाइंस के अनुसार 9 से 25 अक्टूबर के बीच यात्रा के लिए 15 अक्टूबर या उससे पहले जारी कंफर्म टिकट वाले यात्री अगले महीने 10 तारीख तक एक बार यात्रा की तारीख बदल सकते हैं। यात्री उपलब्धता के आधार पर खाड़ी सहयोग परिषद क्षेत्र के किसी स्टेशन से भी दोबारा बुकिंग करा सकते हैं, वहीं जिन यात्रियों की उड़ानें रद्द हुई हैं वे पूरा रिफंड ले सकते हैं। एयरलाइंस ने कहा है कि वह स्थिति पर लगातार नजर रख रही है और आगे की जानकारी यात्रियों को देती रहेगी। विश्व दर्पण के लिए विशेष शुक्ला।)

# FSSAI-HUL-NESTLE

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ નેસ્લે ઈન્ડિયા અને હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડને ખાદ્ય ઉત્પાદનોના પેકેજિંગ પર કથિત ભ્રામક દાવાઓ અંગે નોટિસ ફટકારી છે.

ખોરાક નિયમનકારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે હિન્દુસ્તાન યુનિલિવરના હોર્લિક્સ વિમેન્સ પ્લસ ચોકલેટ ન્યુટ્રિશન ડ્રિંક અને હોર્લિક્સ મધર્સ પ્લસ સેફ્રોન ઉત્પાદનો પર કરવામાં આવેલા કેટલાક દાવાઓ અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ઓથોરિટીના જણાવ્યા અનુસાર, કેટલાક દાવાઓ ભ્રામક અને ખાદ્ય સુરક્ષા નિયમો સાથે અસંગત હોવાનું જણાયું છે.

# DEFENCE MINISTRY- UK KONKAN EXERCISE

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને યુકે વચ્ચે દ્વિપક્ષીય દરિયાઈ કવાયત "કોંકણ-26" યુકેના પ્લાયમાઉથમાં પૂર્ણ થઈ હતી. આ મહિનાની 12મીથી 15મી તારીખ સુધી આયોજિત ચાર દિવસીય સઘન દરિયાઈ કવાયતથી ભારતીય નૌકાદળ અને યુકે રોયલ નેવીને વિવિધ ઓપરેશનલ અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં સંયુક્ત કવાયત કરવાની તક મળી.

મંત્રાલયે જણાવ્યું કે આ કવાયતથી ભારત અને યુકે વચ્ચે લાંબા સમયથી ચાલતી દરિયાઈ ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# CHOUHAN-KHET BACHAO ABHIYAN

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આગામી ખેત બચાવો અભિયાન માટેની ઓનલાઈન તૈયારીઓની સમીક્ષા કરી. આ અભિયાન 22 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી ચાલશે.

આ બેઠકમાં કૃષિ રાજ્યમંત્રી ભગીરથ ચૌધરી અને મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, ગુજરાત, ઉત્તરાખંડ, રાજસ્થાન, આસામ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, બિહાર અને મહારાષ્ટ્રના કૃષિ મંત્રીઓ હાજર રહ્યા હતા.

શ્રી ચૌહાણે રાજ્યોને આ અભિયાનમાં ખેડૂતો, કૃષિ વૈજ્ઞાનિકો અને જિલ્લા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા અપીલ કરી. તેમણે આ અભિયાનને ગંભીરતાથી અમલમાં મૂકવા વિનંતી કરી જેથી ખેડૂતો તેનો સીધો લાભ મેળવી શકે.

# TRUMP-WEST ASIA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ઈરાન સાથે ચાલી રહેલું યુદ્ધ ખૂબ જ જલ્દી સમાપ્ત થઈ શકે છે. તેમણે દાવો કર્યો કે સંઘર્ષનો અંત આવવાથી અમેરિકન ગ્રાહકો માટે ઊર્જાના ભાવમાં મોટો ઘટાડો થશે. ગઈકાલે કેન્ટકીમાં એક ચૂંટણી રેલી દરમિયાન સમર્થકોને સંબોધતા, શ્રી ટ્રમ્પે પશ્ચિમ એશિયાના સંઘર્ષને સ્થાનિક ઇંધણના ભાવ સાથે જોડતા કહ્યું કે, લશ્કરી કાર્યવાહી પૂર્ણ થયા પછી પેટ્રોલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થશે.

અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે તેહરાનને પરમાણુ હથિયારો વિકસાવતા રોકવા માટે આ હુમલા જરૂરી હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ કાર્યવાહીથી ઈરાનની પરમાણુ ક્ષમતાઓને ભારે નુકસાન થયું છે અને તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ઈરાનને પરમાણુ હથિયારો મેળવતા અટકાવવું એ રાષ્ટ્રીય સુરક્ષાની મુખ્ય પ્રાથમિકતા છે.

દરમિયાન, ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે કહ્યું કે આ પ્રદેશમાં કાયમી શાંતિ સ્થાપવા માટે તમામ મોરચે દુશ્મનાવટનો અંત આવવો જોઈએ. તેમણે ચેતવણી આપી કે જો કોઈ પણ વિસ્તારમાં લડાઈ ચાલુ રહેશે, તો તેનાથી વ્યાપક સંઘર્ષ વધુ લાંબો ચાલશે.

# RUSSIA FM- TEHRAN VISIT

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સોમવારે તેહરાનની મુલાકાત લેશે, જ્યાં તેઓ તેમના ઈરાની સમકક્ષ અબ્બાસ અરાગચી સાથે વાતચીત કરશે. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ જણાવ્યું કે, આ ચર્ચાઓ ઈરાનને લગતી પરિસ્થિતિ, વ્યાપક પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ, તેમજ પશ્ચિમ એશિયામાં તણાવ ઘટાડવા માટે રશિયા દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પર કેન્દ્રિત રહેશે.

# FRANCE PROTEST

ફ્રાન્સના અનેક શહેરોમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક અથડામણો, લૂંટફાટ અને આગજનીની અનેક ઘટનાઓ બની છે. જેમાં 1200થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે લગભગ 150 પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે.

જીવનનિર્વાહના વધતા ખર્ચ સામે દેશવ્યાપી પ્રદર્શનો દરમિયાન ગઈકાલે આ હિંસા ભડકી ઉઠી હતી. શાંતિપૂર્ણ કૂચ તરીકે શરૂ થયેલી આ ઘટનાઓ ઝડપથી રસ્તા પરની અથડામણોમાં ફેરવાઈ ગઈ, જેમાં ઐતિહાસિક અને જાહેર ઈમારતોને આગ લગાવી, વાહનો સળગાવી દીધા, દુકાનો લૂંટી અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડ્યું.

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ખાતરી આપી છે કે તોડફોડ, આગજની અને લૂંટફાટ માટે જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેમને સજા આપવામાં આવશે.

# ASIAN PARA GAMES

જાપાનના આઈચી-નાગોયા ખાતે આજે 'એશિયન પેરા ગેમ્સ 2026'નો પ્રારંભ થશે. ભારતીય દળનું નેતૃત્વ પેરા-બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગત અને દોડવીર સિમરન શર્મા ધ્વજવાહક તરીકે કરશે. ખંડ-સ્તરીય આ રમતગમત સ્પર્ધાની પાંચમી આવૃત્તિમાં 45 નેશનલ પેરાલિમ્પિક કમિટીઓના લગભગ ત્રણ હજાર ખેલાડીઓ એકત્ર થશે. આ ગેમ્સ આ મહિનાની 24 તારીખ સુધી ચાલશે, જેમાં 18 રમતોમાં સ્પર્ધાઓ યોજાશે.

આજે નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં યોજાનાર ઉદ્ઘાટન સમારોહની થીમ "WABI: We Are Beautiful Individuals" રાખવામાં આવી છે. આ સમારોહ ભારતીય પ્રમાણભૂત સમય મુજબ બપોરે 2.30 વાગ્યે શરૂ થશે.

# MENS CRICKET

પુરુષ ક્રિકેટમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની અંતિમ અને નિર્ણાયક T-20 આંતરરાષ્ટ્રીય મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. જેના કારણે પાંચ મેચની શ્રેણી 2-2 થી ડ્રો રહી હતી. વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપને તેમની શાનદાર રમત માટે પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા. તેમણે શ્રેણીમાં કુલ 261 રન બનાવ્યા.

મેચ રદ થાય તે પહેલાં, વરસાદને કારણે ઓવરની સંખ્યા ઘટાડીને નવ-નવ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે 7.4 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 118 રન બનાવ્યા હતા.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોએ આજે અલગ અલગ સમાચારોની હેડલાઇન્સ બનાવી છે
- નવગુજરાત સમય અને ફૂલછાબે લખ્યું છે કે, કોલકાતામાં ચોરબાગાન દુર્ગાપૂજા પંડાલમાં ધક્કામુકી અને નાશભાગમાં પંડાલ તૂટતાં 18ના મૃત્યુ.
- સંદેશ લખે છે કે, ભારતથી એક ચોમાસાની વિદાય, હવે દક્ષિણમાં બીજું ચોમાસું જામ્યું.
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, FSSAIએ પ્રસ્તાવ પર માગ્યા સૂચનો - બેબી ફૂડમાં ખાંડ ઉમેરવા પર પ્રતિબંધની તૈયારી.
- અન્ય સમાચારોમાં ટ્રમ્પનો ફરી યુટર્ન: ભારત પર હાલ 100% ટેરીફ નહીં લાગે, વિમાનવાહક જહાજ વિક્રાંત પર ફાઇટર પ્લેન રફાલ તહેનાત થશે, આગામી મહિને પ્રથમ ઉડાન, ઈન્ટરનેટનો ઉપયોગ બાળકોનો મૂળભૂત અધિકાર: સુપ્રીમ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, બટાકામાંથી ટોમેટો કેચઅપ બનાવતી 3 દિવસમાં બીજી ફેક્ટરી પકડાઈ, ગુજરાતમાં તહેવારોમાં વીજ સંકટ: માગમાં જંગી વધારો થતાં ઉદ્યોગો પર વિજકાપ, શિક્ષકો પરનું બિન-શૈક્ષણિક અને ઓનલાઈન કામગીરીનું ભારણ ઘટાડાશે, ભરૂચની ફાર્મા કંપનીમાં ભયાનક બ્લાસ્ટ: 5 શ્રમિકના મોત - 6 ગંભીર જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.